## પ્ર ક ર ણ (૫)

### સજ્જીવ નેપથ્ય વિધાન

સજ્જીવનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે -

યઃ પ્રાણિનાં પ્રવેશો વૈ સ સજ્જીવ ઇતિ સ્મૃતિ : ॥

(અધ્યાય ૨૩) (શ્લોક ૧૫૧)

રંગમંચ ઉપર પ્રવેશ પામતા પશુ વિગેરે પ્રાણી (પાત્રો) સજ્જીવ કહેવાય છે. આ પ્રાણી(પાત્રો) ત્રણ પ્રકારના હોવાનું ભરતમુનિ જણાવે છે. (શ્લોક ૧૫૨)

(૧) ચતુષ્પાદ અર્થાત ચોપગાં પ્રાણીઓ : ગામ તથા જંગલમાં રહેનારા પશુઓ (ગ્રામ્યારણ્યાશ્ચ પશવો)

(૨) દ્વિપાદ્ અર્થાત બે પગાં પ્રાણીઓ : પક્ષી તથા માનવ (ખગ માનુષાનૂ)

(૩) અપાદ્ અર્થાત પગ વગરના પ્રાણીઓ : સાપ વિગેરે (ઉરગાનપદ્દાનૂ)

સજ્જીવ આહાર્યાભિનયનો ચોથો પ્રકાર છે. તેની અંતર્ગત ભરતમુનિએ અપાદ, દ્વિપાદ અને ચતુષ્પાદ જીવોને રંગમંચ ઉપર પ્રસ્તુત કરવાની વિધિ ઉપર વિચાર કર્યો છે. રંગમંચ ઉપર ત્રણ પ્રકારના પ્રાણીઓનો સામાન્યતયા પ્રવેશ થાય છે. સર્પ વિગેરે અપાદ (પગ વગરના) મનુષ્ય અને પક્ષી દ્વિપાદ તથા ગ્રામ્ય અથવા અરણ્ય હિરણ, ગૌ અને ઘોડા વિગેરે પ્રાણી ચતુષ્પાદ હોય છે. નાના તેમજ સરળ પશુઓને પ્રકૃત રુપે રંગમંચ ઉપર પ્રસ્તુત કરી શકાય પણ ભયદાયક સિંહવાઘ જેવા ચતુષ્પાદ અને અપાદ સર્પોનો પ્રવેશ શકય નથી. આજ સંદર્ભમાં શ્રી પ્રમોદ કાળે 'સજ્જીવ' સંજ્ઞા સંદિગ્ધ હોવાનું જણાવે છે. ''સજ્જીવ' સંજ્ઞા વાસ્તવિક પ્રાણીઓને પ્રકૃત રુપે રજુ કરવા કે પછી તેમની અનુકૃતિ રજુ કરવી એ માત્ર અનુમાનનો વિષય છે એમ તેમનું માનવું છે. ( The Theatric Universe Pate-128 શ્રી જી.કે.ભટના કથન અનુસાર સજીવ તેમજ નિર્જીવ પ્રાણીઓ પદાર્થોનો, માનવીકરણ - human impresonation દ્વારા નાટ્યાત્મક હેતુ સિધ્ધ કરવા માટે રંગમંચ ઉપર પ્રવેશ કરાવવાનો સંકેત 'સજ્જીવ'

સંજ્ઞા દ્વારા ભરતમુનિ કરી રહ્યા છે. ( Bharat Natya Manjari Pate - XC )
શ્રી જી.કે.ભટનો મત વધુ સ્વીકાર્ય જણાય છે. 'સજ્જીવ' સંજ્ઞા દ્વારા પ્રાણીઓને પ્રકૃત રુપે નહીં પણ નટની રંગભૂષા, વેષભૂષા તથા આંગિક ચેષ્ટાઓ દ્વારા અનુકૃતિ રુપે રજુ કરવાનો ભરતમુનિનો આશય હોવાનું જણાય છે. પ્રાણીઓની કૃત્રિમ રુપ-રચનાનું વિધાન 'સજ્જીવ' નેપથ્ય વિધાન 'અંતર્ગત થયું હોવાનું જણાય છે.

પ્રશિષ્ટ સંસ્કૃત નાટકોમાં આવા ચતુષ્પાદ પશુઓને પાત્ર રુપે રજુ કરવાની કલ્પના કરવામાં આવી છે. 'અભિજ્ઞાન શાકુંતલ' નાટકમાં કણ્વના તપોવનમાંથી વિદાય લેતી શકુંતલાની સાડી જોડે તેનો કૃતક પુત્ર મૃગ અનાયાસ પ્રેમવશ લપેટાઇ જાય છે. એજ નાટકના સાતમાં અંકમાં શકુંતલાનો પુત્ર ભરત સિંહ-શાવકોના દાંત ગણે છે. મૃચ્છકટિક, રત્નાવલી અને પ્રતિજ્ઞાયૌગન્ધરાયણમાં હાથી, વાનર તથા વાહનોનો પ્રવેશ રંગમંચ ઉપર થાય છે. આવા પ્રાણીઓનો રંગમંચ ઉપર સંજીવ શૈલીમાં પ્રવેશ કરાવવા માટે ભરતમુનિએ પટો અથવા ઘટોની પરિકલ્પના કરી છે. પટો અથવા ઘટો એક પ્રકારનું આચ્છાદન અથવા આવરણ હોય છે. જેને આવશ્યકતા અનુસાર વિવિધ પ્રાણીઓની રુપ-રચના માટે પાત્ર પોતાના શિરથી પાદ સુધી, ઢાંકી, પોતાના પ્રકૃત રુપને અન્તર્હિત કરી દે છે અને પટો અથવા ઘટોમાં અંકિત પ્રાણી સ્વરુપ પ્રેક્ષકો સમક્ષ રહે છે. પટો ઉપર અંકિત પ્રાણી અનુરુપ પાત્રની આંગિક ચેષ્ટાઓ રહે છે. પટોની રચના માટે અતિ આવશ્યક સામગ્રીઓનું વિવરણ, તેનું માપ, આંખ, નાક, કાન, મોં વિગેરેની પાસે છિદ્ર રચનાનું આવશ્યક વિધાન પણ ભરતમુનિએ આપ્યું છે કારણ કે આ છિદ્રો દ્વારા પાત્ર જોઇ, સાંભળી અને શ્વાસ લઇ શકે છે અને સંવાદ પણ બોલી શકે છે.

'સજ્જીવ' નેપથ્ય વિધાન' અંતર્ગત માત્ર સજીવ પ્રાણીઓનો રંગમંચ પર પ્રવેશ નિરુપવામાં નથી આવ્યો પરંતું પ્રાસાદ, યાન, વિમાન, પર્વત, દુર્ગ અને શસ્ત્ર વિગેરે નિર્જીવ પદાર્થો પણ પ્રાણી રુપે પ્રવેશે તે સંબંધી વિધાન કરવામાં આવ્યું છે. 'ઉત્તરરામચરિત'માં ગંગા, તમસા, મુરલા તથા પૃથ્વી દેવીનું અવતરણ આ રુપે થાય છે. યૌગન્ધરાયણ ઉદયનના

ઉધ્ધાર તથા વાસવદત્તાનું હરણ કરવા માટે આ શૈલીમાંજ રુપ પરિવર્તન કરી ઉજ્જૈયનીમાં પ્રવેશ કરે છે. ભાસના નાટકોમાં વિષ્ણુના શસ્ત્ર અને ગરુડ પાત્રરુપે પ્રવેશે છે અને સંવાદ પણ બોલે છે. અહીં પણ શસ્ત્રો કે પ્રાણીની ભૂમિકા નટ અદા કરે છે અને જેને સજીવ નેપથ્ય રચનાનુંજ ઉદાહરણ ગણી શકાય.

આમ સજીવ નેપથ્યવિધાન અંતર્ગત ભરતમુનિ વિવિધ પ્રાણી પાત્રોની રુપરચના તેમજ નિર્જીવ પદાર્થોના માનવીકરણ humanisation સંબંધી વિસ્તૃત ચર્ચા કરે છે. જે નાટ્યધર્મીતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.